# એન્ટીરેગિંગ સેલ



**ડૉ. બિજલ આર. મિસ્ત્રી**

કન્વીનર

રેગિંગ એ શિક્ષણ ક્ષેત્રનો એક સળગતો પ્રશ્ન છે. પોતાની કારકિર્દીને ઉજ્જવળ બનાવવા, પોતાના ભવિષ્યને સુરક્ષિત બનાવવા વિદ્યાર્થીઓ કેટલીય આશા અરમાનો સાથે પ્રવેશ મેળવે છે. પરંતુ પ્રવેશ મેળવ્યા પછી ક્યારેક એવી ઘટનાઓ સામનો કરવો પડે છે કે જેનાથી ક્યારેક વિદ્યાર્થીઓ પોતાની જાન ગુમાવી બેસે છે અથવા ડિપ્રેશનનો ભોગ બની જાય છે.

આવી ઘટનાઓ ન ઉદ્દભવે તે માટે સરકારશ્રી અને દરેક યુનિવર્સિટી સજાગ બની એના પરિપાક રૂપે દરેક કોલેજમાં એન્ટીરેગિંગ સેલની રચના કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય સચવાય તે માટે સરકારશ્રીના આદેશથી દરેક કોલેજમાં કડક હાથે કામ લેવાનું સૂચવવામાં આવ્યું દરેક કોલેજમાં ફરજિયાતપણે આ સેલની રચના કરવાનો આદેશ અપાય છે.

આ સેલ વર્ષ દરમ્યાન નીચે જેવી પ્રવૃત્તિ હાથ ધરે છે.

- પ્રશિક્ષણાર્થી કોલેજમા પ્રવેશ મેળવે પછી વાલીઓ પાસે અને તાલીમાર્થીઓ પાસે બાહેધરી પત્ર ભરાવવામા આવે છે. જેમાં પોતાનો પાલ્ય, કોઇ પણ પ્રકારની કનડગત કોઇ પણ વિદ્યાર્થીને નહિ કરે તેવી બાંહેધરી આપે છે અને વિદ્યાર્થીઓ પણ આ પ્રકારની બાંહેધરી આપે છે.
- સરકારશ્રીમાંથી જ્યારે પણ આ સેલની માહિતી માંગે અથવા કોઇ પણ પ્રકારની કાર્યવાહી માટે સૂચવવામાં આવે છે. તમામ બાબતો સત્વરે અમલ કરવામાં આવે છે.
- યુનિવર્સિટીમાં પણ ઓનલાઇન ફોર્મ ભરાવવામાં આવે છે.
- કોઇપણ વિદ્યાર્થી રેગિંગનો ભોગ ન બને તે માટે સતત સજાગ રહી કાર્ય આ સેલ કરે છે. આ ઉપરાંત રીડ્રેસર સેલની રચના કરી સજેસન બોક્ષ દ્વારા તાલીમાર્થીઓના પ્રશ્નોને જાણીને તેને દૂર કરવાના પ્રયત્ન કરવામાં આવે છે. સજેસન બોક્ષ દર મહિનાના છેલ્લા શનિવારે આચાર્યશ્રી અને વિદ્યાર્થી મંડળના પ્રતિનિધિની હાજરીમાં ખોલવામાં આવે અને જે પ્રશ્નો હોય તેને હલ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. આચાર્યશ્રી, સમગ્ર અધ્યાપક ગણ દ્વારા પણ આ માટેના પ્રયત્નો સતત થતાં રહે છે.

**એન્ટીરેગિંગ સેલની કમિટીના સભ્યો આ પ્રમાણે છે.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ચેરમેન અને આચાર્ય | :- | ડૉ. ડી.આર. પરમાર | |
| ૨. | કન્વીનર | :- | ડૉ. બિજલ આર. મિસ્ત્રી | |
| ૩. | મેમ્બર | :- | ડૉ. મીનાબેન એચ. રાઠોડ, ડૉ. શેતલબેન બી. ખૈર,<br>ડૉ. અર્પિતાબેન ડી. વાઘેલા, ડૉ. વૈશાલીબેન એલ. ભાવસાર | |
| ૪. | જનરલ સેક્રેટરી | :- | જ્યોતિ પરમાર | શ્રેયા વાય. સુથાર |
| ૫. | વર્ગ પ્રતિનિધિ | :- | અંકિતા યાદવ | ધારા જ્યોતિષી |
| ૬. | કન્વીનર | :- | સાયના મલેક | ક્રિષ્ના વિપસ્વી |
| | મેમ્બર | :- | જીલ પટેલ | રવિના વાઢેર |
| | | | હેમાંગી સોલંકી | પ્રિયંકા ભાટુ |
| | | | જલ્પા પટેલ | કોમલ વાજા |
| | | | મુસ્કાનબાનું મલેક | |

- આ વર્ષે આઈ.આઈ.ટી.ઈ ગાંધીનગરના આદેશ અનુસાર કોલેજમાં એન્ટીરેગિંગ કમિટીની રચના પણ કરવામાં આવી જે નીચે પ્રમાણે છે.

| ક્રમ | હોદ્દો | નામ |
|---|---|---|
| ૧ | ચરેમેન (આચાર્યશ્રી) | ડૉ. ડી. આર. પરમાર |
| ૨ | પોલીસ ઇન્સ્પેક્ટર | જયશ્રીબેન બી. પરમાર (પી.એસ.આઈ. આણંદ) |
| ૩ | NGO મેમ્બર | શ્રીમતી આશાબેન દલાલ (પ્રમુખ, જાગૃતિ મહિલા સંગઠન આણંદ) |
| ૪ | વાલી | કિરપાબેન વી. મકવાણા |
| ૫ | સિનિયર વિદ્યાર્થી | સાયનાબાનુ એ. મલેક |
| ૬ | બિન શૈક્ષણિક કર્મચારી | ડૉ. વૈશાલીબેન ભાવસાર (ગ્રંથપાલ, AEC આણંદ) |
| ૭ | નાગરિક વહીવટ | મામલતદાર (આણંદ સિટી. આણંદ) |
| ૮ | સેક્રેટરી | ડૉ. બિજલબેન મિસ્ત્રી (આસિ. પ્રોફેસર, આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ.) |

દર વર્ષે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, દિલ્હીના આદેશ અનુસાર (નેશનલ રેગિંગ પ્રિવેન્શન પ્રોજેક્ટ) અંતર્ગત Compliance પણ ભરવામાં આવે છે.